

ભારત-જાપાન, ભાઈ-ભાઈ : મહાત્મા મંદિર ખાતે જાપાનના પ્રધાનમંત્રી શિન્ઝો આબે અને ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં બંને દેશો વચ્ચે ૧૫ સમજૂતિના કરાર થતાં મૈત્રી વધુ મજબૂત બની હતી... એક-મેકને પૂરક થવા ખાસ કરીને આંતરમાખળાકીય સુવિધાઓના સંદર્ભે થયેલા એમઓયુ ગુજરાતના વિકાસ માટે પ્રેરક બનશે...

## હા... સાહેબ !

"જય જાપાન... જય ઈન્ડિયા.."

"વાહ... ભાઈ... વાહ..!! જાપાનમય બની ગયા..! ખરૂ ને..?!"

"હા... સાહેબ.... હા..! આપણા દેશના વિકાસમાં આટલો રસ લઈને સહાય કરે ત્યારે સ્વાભાવિક જ આ ઉમળકો આવી જાય..! અને એમાં ખોટુ પણ શું છે..!?!"

"કાંઈ ખોટુ નથી..! પણ આપણે બધા એટલા બધા ભાવનાશીલ છીએ કે, આપણી લાગણીને ખેંચાવા દઈએ છીએ..! એટલું જ નહિ જયજયકાર કરીએ છીએ..!! આપણે ઝીંગપીંગને રીવરફ્રંટમાં ઝુલે ઝુલાવ્યા 'તા..!!"

"... અરે એની સાથે ક્યાં તુલના કરો છો..?!"

"તુલનાની વાત નથી... આ તો આપણી માનસિકતાની વાત કરૂ છું..! આપણને કો'ક બે સારા શબ્દો કહે એટલે આપણે ઓવારી જઈએ છીએ..!! પણ..."

"....પણ પછી બધુ ભુલી જઈએ છીએ... એમજ ને..?!"

"એમ...જ..!! એમ..જ... પણ વાસ્તવિકતા વિચિત્ર થતી હોય છે... આપણી લાગણીઓને ઠેસ પહોંચતી હોય છે... અને એ વખતે નાસીપાસ થઈને બચાવમાં ને બચાવમાં આક્ષેપો કરીએ છીએ..!!"

"આ કેવી તમે અપશુકનની વાત કરો છો..?! સારૂ વિચારો સારૂ..! ગુજરાત અને ભારત કેટલું આગળ વધશે એનો વિચાર કરો..! કેટલી રોજગારી મળશે એનો વિચાર કરો..! બુલેટ ટ્રેન જ્યાંથી પસાર થવાની છે ત્યાંની આસપાસની જમીનોના ભાવ કેટલા વધશે એનો વિચાર કરો..! અને શુભ ઘડીએ રોદણાં રોવા બેઠા છો..!?!"

"સાહેબ રોદણા નથી રોતા... આમાંથી પસાર થયા છીએ એટલે કહુ છુ... લ્યો આપણા ગાંધીનગરની જ વાત કરોને..!! મેટ્રો 'ચ' રોડ પરથી પસાર થશે એવું ચાર વરસ ચાલ્યું..!! એટલું જ નહિ નવા ગાંધીનગરની ફ્લેટ યોજનાઓની જાહેરાતમાં આઠ મીનીટના અંતરે મેટ્રો... દસ મીનીટના અંતરે મેટ્રો... એવું આવતું હતું..!! અને રાતોરાત મેટ્રોના પાટીયા ઉતરી ગયા..!!"

"હેં... હેં... શું વાત કરો છો..!?!"

"અરે સાહેબ..! અમે તો નકશા જોઈ જોઈને એવા હરખાતા'તા... કે આપણા ઘર પાસે મેટ્રો આવશે..! મેટ્રોમાં અક્ષરધામ જઈશુ..! મેટ્રોમાં ગીફ્ટસીટી જઈશું..! બધું...જ હવાઈ ગયું..!! એટલે બીક લાગે છે... સાહેબ સપનામાં..!!"

"અપવાદ પણ હોય ને ભાઈ..?! દર વખતે એકના એક કાટલા ના વાપરો....! સકારાત્મક વિચારશો... તો... વિકાસ દોડતો દેખાશે..!!"

"સાહેબ..! દૂધનો દાઝ્યો છાશ ફૂંકી ફૂંકીને પીએ..! વિકાસ દોડે કે વિકાસ ચાલે... પણ વિકાસ રઘવાયો ના થાય..!! એ આપણે જોવું પડશે ને..?!"

"તમે પાછુ 'વિકાસ પુરાણ' વાંચવાનું શરૂ કર્યું..?!"

"સાહેબ..! વિકાસ એ ગુજરાતનો સ્વભાવ છે... ગુજરાતી ક્યાંય પણ હોય અને કેવો પણ હોય... પણ એ ગતિ-પ્રગતિ કરે છે..!! ચાર ડગલાં વધારે ચાલે છે..!! તેને આપણે રૂપાળુ નામ આપ્યું 'વિકાસ'... અને આજકાલ 'વિકાસ' બન્યો છે વિવાદ..!!'.

"ખોટું થાય છે..! વિકાસના નામે ભાષણો થયા... મત લેવાયા એ પણ અતિરેક હતો..!! અને આજે પણ વિકાસને મઝાકના લયમાં વિવાદિત બનાવ્યો છે એ પણ અતિરેક છે..!! માણસનું મૂળભૂત તત્વ મહત્વાકાંક્ષા છે..! જે બીજા શબ્દોમાં વિકાસ તરીકે ઓળખીએ છીએ... મહત્વાકાંક્ષા વિનાનો માણસ એ માણસ નથી..!! દેશમાં પરિવહનમાં જાપાનની સામેલગીરી થાય એ દેશહિતની વાત છે... નવા ભારતના નિર્માણની શરૂઆત છે..! પણ હા... એને રાજકારણના રંગ ના આપવા જોઈએ..!"

"બસ... સાહેબ... તમે મારા મનની વાત કરી..!!

- નિમિત્ત માત્ર

# ગુજરાતનો ગુણોત્સવ હવે રાષ્ટ્રીય સ્તરે યોજાશે

**૧૩ નવેમ્બરના રોજ નેશનલ એસેસમેન્ટ સર્વે અંતર્ગત ૩,૫ અને ૮ના પસંદગીના સ્કૂલોના બાળકોની પરીક્ષા લેવાશે : ગાંધીનગરમાં આજથી બે દિવસનો તાલિમ કાર્યક્રમ : કેન્દ્રના માનવ સંશાધન મંત્રાલયના અધિક સચિવ અનિતા કરવાલ હાજર રહેશે**

(પ્રકાશ જહા) ગાંધીનગર, તા. ૧૪

ગુજરાતના ગુણોત્સવની પેટર્ન મુજબ આખા દેશમાં પ્રથમવાર નેશનલ એસેસમેન્ટ સર્વે ૧૩મી નવેમ્બરના રોજ હાથ ધરવામાં આવશે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો મુજબ ગુજરાત, રાજસ્થાન તેમજ કેન્દ્ર શાસિત પ્રદેશ દીવ, દાદરા-નગર હવેલીના ડિસ્ટ્રીક્ટ કોર્ડીનેટર્સની આજથી ગાંધીનગર ખાતે બે દિવસીય તાલિમ પણ શરૂ થઈ રહી છે.

કેન્દ્રના માનવ સંશાધન મંત્રાલયના અધિક સચિવ સુશ્રી અનિતા કરવાલ આ તાલિમમાં ભાગ લેવા અને તાલિમ આપવા માટે ખાસ ગુજરાતના બે દિવસના પ્રવાસે આવી રહ્યા છે.

કેન્દ્રના માનવ સંશાધન મંત્રાલયે નેશનલ એચીવમેન્ચ સર્વે-૨૦૧૭ ગુણોત્સવ પેટર્ન પર યોજવાનો નિર્ણય લીધો છે અને આ માટે ૧૩ નવેમ્બરને નેશનલ એસેસમેન્ટ ડે પણ જાહેર કરી દેવાયો છે.

મળતી વિગતો પ્રમાણે ધો. ૩, ૫ અને ૮ના વિદ્યાર્થીઓની પસંદગીની શાળાઓમાં ખાસ પરીક્ષા

● અનુસંધાન પાન-૭ પર

## મહાત્મા મંદિરના પગથારેથી....



- બુલેટ ટ્રેન પ્રોજેક્ટના ભૂમિ પૂજન બાદ બપોરે મહાત્મા મંદિર ખાતે ગાંધીકુટીરની મુલાકાત લેવા બન્ને મહાનુભાવો રવાના થયા અને મહાત્મા મંદિર પહોંચ્યા
- દાંડી કુટિરમાં શિન્ઝોએ આઝાદીના પ્રસંગો ગંભીરતાપૂર્વક નિહાળ્યા
- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શિન્ઝોને જુદા જુદા પ્રસંગો અંગે માહિતી આપી
- દાંડી કુટિરની મુલાકાત લીધાબાદ મહાત્મા મંદિર ખાતે ઈન્ડો-જાપાન સમિટ યોજવામાં આવી
- સમિટ દરમિયાન જુદાજુદા મુદ્દા પર ચર્ચા થઈ
- ભારત અને જાપાન વચ્ચે કુલ ૧૫ એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા
- મોદી અને શિન્ઝોએ દ્વિપક્ષીય મંત્રણા યોજ્યા બાદ સંયુક્ત નિવેદન જારી કર્યું
- સંયુક્ત નિવેદન જારી કરાયા બાદ તેને લઈને ચર્ચા જોવા મળી. સંયુક્ત નિવેદનમાં ત્રાસવાદીઓ સામે પગલા લેવા પાકિસ્તાનને કહેવામાં આવ્યું
- સાંજે રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા સાયન્સ સિટી ખાતે બંને મહાનુભવોના સન્માનમા રાત્રી ભોજન આયોજિત કરવામા આવ્યુ.

# જિલ્લાનો ગરીબ કલ્યાણ મેળો ૨૦મીએ કલોલમાં યોજાશે

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લાનો જિલ્લાકક્ષાનો ગરીબ કલ્યાણ મેળો ૨૦મી સપ્ટેમ્બરના રોજ યોજવામાં આવશે.

જિલ્લાકક્ષાનો ગરીબ કલ્યાણ મેળો કલોલ ખાતે યોજવામાં આવશે. આ ગરીબ કલ્યાણ મેળામાં વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર, ગુડાના ચેરમેન આશિષ દવે, એસ.ટી. નિગમના ભગવાનદાસ પંચાલ તેમજ જશુભાઈ ભીલ હાજરી આપનાર છે. ગાંધીનગર જિલ્લાના ચારેય તાલુકા, ચાર નગરપાલિકા તેમજ મહાનગર પાલિકાનો સંયુક્ત ગરીબ કલ્યાણ મેળો યોજાવાનો હોવાથી જિલ્લાતંત્ર દ્વારા આ અંગેના સંકલનની કામગીરી હાથ ધરવામાં આવી છે. મળતી વિગતો પ્રમાણે પહેલાં પ્રાંત કક્ષાના ગરીબ કલ્યાણ મેળાનું આયોજન વિચારણામાં લેવાયુ હતુ પરંતુ તે કેન્સલ કરી હવે જિલ્લાકક્ષાનું આયોજન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. હવે સરકાર ત્રણ જ દિવસમાં સમગ્ર રાજ્યમાં ગરીબ કલ્યાણ મેળાનું આયોજન કરી અને આ કામગીરી સંપન્ન કરવા માંગે છે. રાજ્ય સરકારે ગરીબ કલ્યાણ મેળાના સ્વરૂપમાં પણ ફેરફાર કર્યો છે. આ વખતે મેળામાં સ્વરોજગારી માટેની કીટો પર વિશેષ ભાર મુકવામાં આવ્યો છે. આ માટે ૩૩ જેટલી કીટોની યાદી પણ તંત્રના અધિકારીઓને તૈયાર કરી મોકલી આપવામાં આવી છે. આ ઉપરાંત લાભાર્થીઓની યાદી આર્થિક-સામાજિક મોજણીના આધારે ચાર ભાગમાં તૈયાર કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે. તંત્ર દ્વારા આ માટે બેઠકોનો ધમધમાટ શરૂ થઈ ગયો છે.






દાંડી કુટિર - રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની આઝાદી લડતની ઐતિહાસિક સ્મૃતિની ઝાંખી કરાવતી દાંડીકુટિરની મુલાકાતે પ્રધાનમંત્રી મોદી જાપાનના વડાપ્રધાન શિન્ઝોને લઈને પહોંચ્યા હતા... પ્રધાનમંત્રીએ દેશની ઐતિહાસિક આઝાદી લડતની ઝાંખી કરાવતા પ્રસંગોનું શિન્ઝોને વિગતવાર રસદર્શન કરાવ્યું હતું....

## બેસણું



**મચ્છુકઠિયા સઈ સુથાર**

અમારા સુપુત્ર **હિમાંશુ કાંતિભાઈ યાદવ** (L.D.R.P. કોલેજ) તા. ૧૨/૯/૨૦૧૭, મંગળવારના રોજ શ્રીજીચરણ પામેલ છે. **સદ્‌ગતનું બેસણું તા. ૧૫/૯/૨૦૧૭, શુક્રવારના રોજ સાંજે ૪ થી ૬ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.**

સ્થળ : ઉમિયા સમાજ ભવન, શ્રી ઉમિયા માતાના મંદિર પાછળ, કલેક્ટર કચેરી સામે, સેક્ટર-૧૨, ગાંધીનગર

લિ.

| | |
|---|---|
| ઉષાબેન કાંતિભાઈ યાદવ | અરવિંદભાઈ જેઠાભાઈ યાદવ |
| કુ. જ્યોતિકા કાંતિભાઈ યાદવ | અશોકભાઈ જેઠાભાઈ યાદવ |
| કાજલ હિમાંશુભાઈ યાદવ | પ્રદ્યુમનભાઈ કાંતિભાઈ યાદવ |
| હિના પ્રદ્યુમનભાઈ યાદવ | કંદર્પ પ્રદ્યુમનભાઈ યાદવ |
| નિત્યા હિમાંશુભાઈ યાદવ | વિશ્વા પ્રદ્યુમનભાઈ યાદવ |

મોબાઈલ નં. : ૭૭૭૮૮૮૯૨૦૪, ૯૮૨૪૦૨૧૮૪૦

# સેક્ટર-૧૬ માં કુતરો હડકાયો થયો ...!

**ચાર દિવસમાં ૧૩ વ્યક્તિને કરડતા સેકટરમાં ભયનો માહોલ : સેકટરના શોપિંગ તેમજ શેરીઓમાં રખડતા કુતરાએ એક ગાય અને મહીલાને પણ બચકુ ભર્યુ**

ગાંધીનગર તા ૧૪

સે-૧૬ માં કુતરુ ગાંડુ થયુ છે...! જી.. હા.. હડકાયા કુતરાએ ચાર દિવસમાં ૧૩ નો ભોગ લીધો છે...! જોખમી બનેલા આ શેરીના કુતરાએ સેકટરને માથે લીધુ છે. અત્યાર સુધી સેકટરમાં એક ગાય ઉપરાંત ૧૩ વ્યક્તિને હોસ્પિટલમાં પહોંચાડયા છે. સેકટરના સ્થાનિક નાગરિકોએ કોર્પોરેશનના તંત્ર સમક્ષ અનેકવાર રજુઆત કરી છે. આમ છતા મહાનગરપાલિકા કક્ષાએથી કોઈ એકશન નથી. સ્માર્ટ સીટીના પ્રોજેકટને વેગ આપવાની વાતો કરતા મ્યુનિતંત્રની પકડમાં ગામનુ એક કુતરુ પણ આવી શકે તેમ નથી..! સ્થાનિક રહીશો આગ બબુલા બન્યા છે. હાલ પણ આ કુતરુ સેકટરમાં બિન્દાસ્ત રીતે ફરી રહયુ છે. જેના લીધે સ્થાનિકોમાં ભયની લાગણી વ્યાપી છે. હડકાયા કુતરાએ અત્યારસુધી એક મહીલા અને ત્રણ વેપારીને પણ કરડી ગયુ છે.

● અનુસંધાન પાન-૭ પર

## જોઈએ છે

અખિલ ગુજરાત ઠાકોર વિકાસ સંઘ સંચાલિત બક્ષીપંચ કુમાર છાત્રાલય, ગાંધીનગર (વિ.જા.) પ્રા. મંજુરી/૧૫-૧૬/૨૯૦ તા. ૩૧/૩/૨૦૧૬ થી નવીન છાત્રાલયની મંજુરી મળેલ છે. જેમાં નીચે મુજબના કર્મચારીઓની ભરતી કરવા સારૂ, લાયકાત ધરાવતા ઉમેદવારોએ દિન-૧૦માં રજિ. પોસ્ટ એ.ડી.થી નીચેના સરનામે અરજી કરવી. બક્ષીપંચને અગ્રતા

**(૨) રસોઈયા-૧ રસોઈ કામના જાણકાર**
**(૩) ચોકીદાર-૧**

સહી/-
પ્રમુખ/મહામંત્રી
અખિલ ગુજરાત ઠાકોર વિકાસ સંઘ
ગાંધીનગર
બક્ષીપંચ કુમાર છાત્રાલય,
સેક્ટર-૩/બી, ગાંધીનગર

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan ®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com